ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૭૭ ટકા

# રીમઝીમ વરસાદમાં મકાઈ સ્વાદ સાથે સ્વાસ્થ્યવર્ધક

## શહેરના ફૂટપાથ પર ગરમા-ગરમ અમેરિકન મકાઈનું વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં વરસાદી માહોલ છવાયો છે. એકદમ આહલાદક વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ મોસમમાં ગરમા ગરમ વાનગીઓ ખાવાનું દરેકને મન થાય છે ત્યારે શહેરની ફૂટપાથ પર ગરમા-ગરમ મકાઈનું વેચાણ થઈ રહ્યું છે. શહેરીજનો પણ દિવસમાં એક વખત મકાઈ ખાવાનું અવશ્ય પસંદ કરી રહ્યા છે. લારીઓમાં સાંજ પડતા જ ગરમા-ગરમ મકાઈ ખાવા માટે શહેરીજનો આવતા નજરે પડે છે. આ ઉપરાંત વરસાદી માહોલમાં દિવસભર ગરમા ગરમ મકાઈ ખાવા માટે વાહનચાલકો પોતાનું વાહન થોભાવતા જોવા મળે છે.

વરસાદમાં બહાર નીકળીને ભીંજાતા ભીંજાતા ગરમા ગરમ મકાઈ ખાવાની એક અલગ જ મજા છે. મકાઈના દાણામાં જે મસાલો ભભરાવવામાં આવે છે અને તેમાં લીંબુનો સ્વાદ ભળતા કેટલો સ્વાદિષ્ટ આ મકાઈનો ટેસ્ટ આવે છે તેને ખાતાની સાથે જ મોમાંથી 'વાહ' શબ્દ નીકળી જ જાય.





શહેરમાં લારીઓમાં વેચાતી મકાઈ ૪૦ રૂપિયામાં વેપારીઓ દ્વારા વેચવામાં આવી રહી છે. જેમાં શેકેલી મકાઈ અને બાફેલી મકાઈ એમ બે પ્રકારની મકાઈનું વેચાણ શરૂ થઈ ગયું છે. શહેરીજનો મનભરીને આ મકાઈનો લ્હાવો લઈ રહ્યા છે. વરસાદમાં મકાઈ ફકત સ્વાદ માટે જ નહીં તે આરોગ્ય માટે પણ લાભદાયી છે.

આરોગ્યની દૃષ્ટિએ જોવા જઈએ તો મકાઈમાં પોષણ મૂલ્ય વધારે છે. મકાઈમાં લગભગ ૧૨૫-૧૫૦ કેલરી હોય છે તે ફાઈબરથી ભરપૂર હોય છે જે તમારી પાચનશકિતને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે અને ફાઈબર કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરે છે. તેમાં એન્ટી ઓકસીડેન્ટ હોય છે. મકાઈમાં કેલ્શિયમ પણ ભરપૂર માત્રામાં મળી આવે છે. જેનાથી શરીરના હાડકાં ખૂબ મજબૂત બને છે.

મકાઈ ખાવાથી શરીરની અંદર રહેલી ઊર્જામાં પણ વધારો થાય છે. મકાઈ ખાતી વખતે કે બાફતી વખતે અને શેકતા સમયે મકાઈના ડોડાના રેસા અલગ કરીને કચરામાં ફેંકી દઈએ છીએ તે રેસાના પણ લાભ છે. મકાઈના રેસાને પાણીમાં બાફીને તે પાણી પીવાથી ઘણા લાભ થાય છે. જેમ કે કીડની સ્વસ્થ થવી, કોલેસ્ટ્રોલ અને સુગર લેવલ નિયંત્રણ થવું વગેરે.

મકાઈના લોટની રોટલાથી લઈ કોન્ટીનેન્ટલ સલાડ સુધી અનેક પ્રકારે મકાઈને ખોરાકમાં ઉમેરી શકાય છે. ફાયબરથી ભરપૂર આ અનાજ હાર્ટએટેકથી લઈ આપણા માનસિક સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. શેકેલી મકાઈનો ડોડો હોય કે બાફેલી અમેરિકન મકાઈ બંનેની પોતાની મજા છે. તેમનો સ્વાદ ચટાકેદાર હોવાથી નાના બાળકોથી લઈ તમામને અતિ પ્રિય છે.

## મહિલા આઈટીઆઈ ગાંધીનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિત્રકલા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી દ્વારા સંચાલિત મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે 'મીઠાનો સત્યાગ્રહ' અથવા 'ક્લીન ઈન્ડિયા' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે.

જેમાં ગુજરાતની કોઈ પણ આઈ.ટી.આઈ. માં તાલીમ મેળવતી અથવા ભૂતકાળમાં તાલીમ મેળવી ચૂકેલ મહિલા તાલીમાર્થીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધકે 'મીઠાનો સત્યાગ્રહ' અથવા 'ક્લીન ઈન્ડિયા' વિષય પર પોતાની કૃતિ એ૩ સાઈઝની ડ્રોઈંગ શીટમાં તૈયાર કરવાની રહેશે. જેમાં સ્પર્ધક પેન્સિલ કલર, વોટર કલર, ક્રેયોન્સ વગેરેનો ઉપયોગ કરી શકશે. તૈયાર કરેલ કૃતિ આ કચેરી ખાતે તા. ૧૫થી તા.૩૦ જુલાઈ-૨૦૨૨સુધીમાં રૂબરૂ મોકલી આપવાની રહેશે.

ભાગ લેનાર સ્પર્ધક મહત્તમ એક કૃત્તિ રજૂ કરી શકશે. સંસ્થાને મળેલી કૃત્તિઓ પૈકી ૩ વિજેતા કલાકારોની પસંદગી થશે. જેમને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. તેમજ ભાગ લેનાર તમામને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ સ્પર્ધાના નિયમો તથા અન્ય વિગતો **www.mahilaitigandhinagar@ gujarat.gov.in** પર જાણી શકાશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૯૪૨૭૫૨૬૯૪૮ પર સંપર્ક કરી શકાશે તેમ આચાર્યશ્રીની યાદીમાં જણાવાયું છે.



પેથાપુરનો સમાવેશ ગાંધીનગર મહાનગરપાલિકામાં થયા પછી એક ઉપર એક વિકાસના કર્યો સત્વરે થઈ રહ્યા છે. પેથાપુર વોર્ડ નં.૨ **TP** ૧૬ માં રહેતા રહીશો દ્વારા પેથાપુર મહુડી રોડ થી રાંધેજા રોડ ને જોડતો ડામરનો રોડ અને બંને રોડ ની વચ્ચે ડીવાઈડર બનાવી આપવાની લેખિત રજૂઆત કરેલી. જેમાં સિદ્ધિ વિનાયક, મંગલ મૂર્તિ, સિદ્ધરાજ ગ્રીન્સના અગ્રણીઓ દ્વારા આ માંગણી કરવામાં આવી હતી. વોર્ડ નં.૨ના ઉત્સાહી અને કામેછુ એવા કોર્પોરેટર અનીલસિંહ વાઘેલા, દિપ્તીબેન પટેલ, પારૂલબેન થાકોર સાથે પ્રમુખ જયદીપસિંહ વાઘેલા અને સમગ્ર ભાજપ સંગઠન દ્વારા આ વિકાસ કાર્યનું મુહૂર્ત કરી પૂર્ણ કરવાની નેમ લીધી છે. આ રોડ બનવાથી ન્યૂ પેથાપુર તરીકે વિકાસ પામી રહેલા રહેણાંક વિસ્તારને અને રહીશોની સુવિધામાં ચોક્કસથી વધારો થશે.

## આર.સી. પટેલ સ્કૂલમાં વૃક્ષારોપણદિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

સ્કૂલના પ્રાંગણમાં સવારે આઠ વાગે એન.એન.એસ. વિભાગના વિદ્યાર્થીઓ ગોઠવાઈ ગયા હતા. ત્યારબાદ શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલના વરદહસ્તે એક છોડ રોપી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. એન.એન.એસ. વિભાગના વિદ્યાર્થીએ બસો જેટલા વિવિધ છોડ રોપ્યા હતા. દરેક છોડને યોગ્ય પ્રમાણમાં ખાતર-પાણી આપવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીએ જે તે છોડ ઉછેરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ, સુપરવાઈઝર વિનોદભાઈ પટેલ, એન.એસ.એસ. વિભાગના સંયોજક પ્રવિણભાઈ પટેલ, ગ્રંથપાલ અતુલભાઈ મોદીએ કાર્યક્રમને સફળ બનાવવા રસથી કામ કર્યું હતું.

# શહેરમાં ગુરૂપૂજન સાથે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

**● ઈન્ફોસીટી સ્કૂલ**



શાળામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ધો-૬ થી ૧૦ના વિદ્યાર્થીઓએ પ્રાસંગિક વકતવ્યો આપ્યા હતા. અમુક વિદ્યાર્થીઓએ ગીત તથા શ્લોકો ગાયા હતા. આ કાર્યક્રમ ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ વૈષ્ણવસર હાજર રહ્યા હતા.

**● એસ.વી. સ્કૂલ**



એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ફલાવર ડે દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષિકાઓએ નર્સરી, જુનિયર કેજી અને સિનિયર કેજીના બાળકને ગુરૂપૂર્ણિમાનું અને તેમના જીવનના પહેલા ગુરુ એવા તેમના માતા પિતાનું મહત્વ સમજાવ્યું હતું. બાળકોએ પોતાના માતા-પિતા અને શિક્ષિકાઓને પ્રણામ કર્યા હતા જે બદલ તેઓએ બાળકોને વિદ્યા, બુદ્ધિ, તંદુરસ્તી અને સ્વસ્થ જીવનના આશિષ પાઠવ્યા હતા. આ ઉપરાંત ફલાવર ડે નિમિત્તે બાળકોએ જાતજાતના ફૂલો અને ફૂલોના ગુલદસ્તા લઈને શાળામાં હાજરી આપી હતી.

**● મધુરી મનસુખલાલ વસા**



મધુરી મનસુખલાલ વસા શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા પ્રસંગને અનુરૂપ પોતાનાં વકતવ્યો રજૂ કર્યા હતા તેમજ ગુરુનો મહિમા સમજાવતાં સુંદર ભજનો રજૂ કરી વાતાવરણ ગુરુભકિતમય બનાવી દીધું હતું. શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા પોતાના શિષ્યોને હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા.

**● વિવેકાનંદ પરિવાર**



વિવેકાનંદ પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમા કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શેઠ સી.એમ. હાઈસ્કુલના આચાર્ય ડૉ.ચેતનાબેન બુચ, જે.બી. પ્રાથમિક શાળાના આચાર્યબેન નીવાબેન પટેલ, સુધાબેન પટેલ, જયશ્રીબેન અને સર્વે ગુરુજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સંચાલક ગણ, કર્મચારીગણ અને સંસ્થાની વિદ્યાર્થી વ્યવસ્થા સમિતિ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી.

**● એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ**



એમ.બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ધો-૧થી ૮ની ૩૦ વિદ્યાર્થીનીએ ગુરૂપૂજન કર્યું અને ધો-૬થી ૮ની બહેનો માટે ભકિતગીત સ્પર્ધા યોજાઈ હતી. જેનું સંચાલન પટેલ પુષ્પાબેન તથા નાયક પૂર્વીબેને શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. ભકિતગીત સ્પર્ધામાં વિજેતા ધો-૮ એની વિદ્યાર્થીની ખંભાયતા વૃંદા રાજેન્દ્રકુમાર તથા ધો-૮-ડીની દરજી નિષ્ઠા રાજુભાઈ, દ્વિતીય વિજેતા ધો-૭-બીની અમીન નિષ્ઠા પંકજભાઈ, તૃતીય વિજેતા ધો-૬ ડીની પંડયા અનુશ્રી રાજેશકુમાર. આ પ્રસંગે શાળાના આચાર્યા દ્વારા વિદ્યાર્થીનીઓને કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

**● બીબીએ કોલેજ**



બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ઓનલાઈન માધ્યમથી કરેલ ઉજવણીમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ગુરુનો મહિમા સમજાવ્યો હતો. વિદ્યાર્થીઓને સમય પાલન તેમજ મન રૂપી ગુરુનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. બીબીએ કોલેજે વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી કરી વિદ્યાર્થીઓ ને ગુરુમહિમા સમજાય તેવો હકારાત્મક પ્રયત્ન સતત કર્યો હતો. સમગ્ર કોલેજમાંથી કુલ ૨૦ વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પ્રાસંગિક વકતવ્ય પણ આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો.શીતલ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.

**● કે.કે. પટેલ વિદ્યાલય**



કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા માં પાવન પૂર્ણિમાના દિવસે ગુરૂપૂર્ણિમા કાર્યક્રમની ઉમંગભેર ઉજવણી થઈ હતી. જેમાં શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના ૨૫ બાળકોએ ગુરૂ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરતા ભજનો રજુ કર્યા હતા. શાળાના શિક્ષક મહેન્દ્રસિંહ મકવાણા આગવી છટામાં પોતાનું વક્તવ્ય આપી બાળકોમાં ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ જાગૃત થાય તે માટે ના પ્રયત્નો કર્યા હતા, સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ કર્યું હતું. શાળાના વડાશ્રી ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળ બન્યો હતો.

**● ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ**



સેક્ટર-૪ના ગાર્ડન ખાતે ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના યોગ કોચ આશાબેન મેહતા દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તો સરપ્રાઈઝ યોગ તેમજ 'જીવનમાં ગુરુ નું મહત્વ' ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમે સવિતાબેન ગણાત્રા, દ્વિતીય હર્ષાબેન રાજ્યગોર, ત્રિતીય લક્ષ્મીબેન સોલંકી તેમજ પ્રોત્સાહન પુરસ્કાર તરીકે પન્નાબેન રાવલ આવ્યા હતા. માધવી બેન શુક્લાએ આ કાર્યક્રમમાં એન્કરિંગની ભૂમિકા ભજવી હતી. મોટી સંખ્યામાં યોગી બહેનો ઉપસ્થિત રહ્યા અને એકબીજાનું મોં મીઠુ કરી ઉજવણી કરી હતી.

**● ઝૂલેલાલ મંદિર**





સેક્ટર-૩૦ ઝુલેલાલ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાવિકો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા અને સાંઈબાબાની મહાઆરતીમાં જોડાયા હતા.

## જન્મદિને વધામણી



અલ્પેશ એમ પ્રજાપતિ




દેવ પ્રજાપતિ



વી.ટી. સોની
મો. ૭૮૭૪૫ ૯૫૩૩૩



આશિષ બ્રહ્મભટ્ટ
મો. ૬૩૫૨૧ ૬૧૯૪૯



સ્નેહાબેન મહેતા
લાયોનેસ ક્લબ



ક્રિષા ઉમેશ પચોડે
મો. ૯૯૭૯૭ ૭૧૨૯૭



ઓઝા નિકિતાબેન નિસર્ગકુમાર
મો. ૯૬૨૪૬ ૫૮૧૨૨



માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦



જીયાન સજ્જાદહુસેન શેખ



મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



હંસાબેન સી. ઠાકોર
મો. ૯૭૩૭૮ ૫૨૬૫૯



શ્વેતા યોગેશભાઈ પટેલ

## સેકટર-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૪

તેરા તુજકો અર્પણ-ભગવાનનું છે ભગવાનને આપવાનું છે અને એ છે ભક્તોના હૈયામાં રહેલી શ્રદ્ધા અને ભક્તિ. હૈયામાં રહેલી શ્રદ્ધા અને ભક્તિને વિશેષરૂપે ભગવાનને અર્પણ કરવાનો ઉત્સવ એટલે કે હિંડોળા ઉત્સવ.

શ્રીમદ્ ભાગવત પુરાણ કાળથી ચાલી આવતી આ પરંપરા મુજબ અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ એક માસ પર્યંત ઠાકોરજીને સંતો-ભક્તો દ્વારા ભાવપૂર્વક તૈયાર થતા ભક્તિ, શ્રધ્ધા, સેવા, સમર્પણ અને કલામિશ્રિત હિંડોળામાં ઝુલાવવામાં આવે છે.

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં થતા હિંડોળા મહોત્સવનું ગુજરાતના પાટનગર, ગાંધીનગરની ધર્મપ્રેમી જનતામાં અનેરૂ આકર્ષણ છે. તા.૧૫-૭-૨૨ થી શરૂ થતા આ હિંડોળા મહોત્સવના દર્શન સાંજે ૫:૦૦ થી ૮:૧૫ દરમિયાન થઈ શકશે.

## એસ.કે. પટેલ સ્કૂલમાં પઝલ એકિટવીટી યોજાઈ



ગાંધીનગર, તા.૧૪

એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પઝલ ગેમની એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને અલગ અલગ ગેમ જેવી કે ક્રૉસ્વર્ડ, અરેંજ ધ આલ્ફાબેટ કાર્ડ્સ, મેક ન્યુ વડર્સ, નંબર પઝલ વગેરે ગેમ રમાડી હતી. જેનાથી બાળકમાં એકાગ્રતા અને માનસિક વિકાસ થાય. આ ગેમ રમીને બાળકોને ખૂબ મજા આવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. મકવાણા ચંદુજી મોહનજી, ઉ.વ. ૬૪, વજાપુરા
- સ્વ. સોલંકી મોતીસંગ જીવસંગ, ઉ.વ. ૫૨, દોલતાબાદ, તલોદ
- સ્વ. દંતાણી ગીતાબેન અરજનભાઈ, ઉ.વ. ૫૬, રાંધેજા
- સ્વ. પરમાર ઈશ્વરભાઈ મોતીભાઈ, ઉ.વ. ૪૫, સે-૨૪, છાપરાં